આંગણવાડી કેન્દ્રોના મકાન બાંધકામ માટે
૬૦૦ ચો.ફુટ જમીનની મંજુરી આપવા
બાબત

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંક: WCDD/IMR/e-file/23/2022/0571/B (ICDS)
સચિવાલય, ગાંધીનગર
તા.૩૦/૦૬/૨૦૨૨

સંદર્ભ:-

(૧) મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્લીનો તા. ૧૦-૩-૨૦૧૧ નો પત્ર ક: 16-3/2009-ME VOL.II
(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગનો તા.૩૦/૬/૨૦૧૨ નો ઠરાવ ક: આઇસીડી-૧૧૨૦૧૨-૧૨૯૧-બ
(૩) નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) ની કચેરીનો તા.૨૭/૫/૨૦૨૨નો પત્ર ક્રમાંક: IF-1/આં.વા.બાંધકામ/૧૪૦૦૯૧/૨૦૨૨

પ્રસ્તાવના:-

સંદર્ભ (૧) થી ભારત સરકારના સૂચન અનુસાર આંગણવાડી બાંધકામ માટે ઓછામાં ઓછી ૬૦૦ ચો.ફુટ જગ્યા હોવી જરૂરી છે. સંદર્ભ (૨) મુજબ ૪૭.૪૫ ચો. મીટરના વિસ્તારમાં આંગણવાડી મકાનના બાંધકામની મંજુરી આપવામાં આવેલ. સંદર્ભ (૩) અન્વયે આંગણવડી કેંદ્ર માટે ભારત સરકારશ્રીના સુચન મુજબ પ્રતી આંગણવડી કેંદ્ર માટે ૬૦૦ ચોરસ ફુટ જમીનનો ઉપયોગ કરવા નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.) દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ. પુખ્ત વિચારણાના અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

ઠરાવ:-

સંકલીત બાળ વિકાસ સેવાઓ અંતર્ગત આપવામાં આવતી સેવાઓમાં નોંધપાત્ર વધારો થયેલ છે. જેના પરીણામે તેનો વ્યાપ વધુમાં વધુ લોકો સુધી પહોંચતા આંગણવાડી કેંન્દ્ર ખાતે આવતા લાભાર્થીઓની સંખ્યામાં પણ નોંધપાત્ર વધારો થયેલ છે. આંગણવાડી કેંદ્ર ખાતે ૦ થી ૬ વર્ષના બાળકોને પુરક પોષણ અને પુર્વ પ્રાથમિક શિક્ષણ તેમજ સગર્ભા અને ધાત્રી માતાઓને પુરક પોષણ પુરૂ પાડવામાં આવે છે.

આથી નિયામકશ્રી (આઇ.સી.ડી.એસ.), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ

કચેરીની દરખાસ્ત અને ભારત સરકારશ્રીના સુચનો ધ્યાને લઈ રાજ્યમાં આંગણવાડીના બાંધકામ માટે પ્રતી આંગણવાડી કેંદ્ર દીઠ ૬૦૦ ચો. ફુટ જમીનનો ઉપયોગ કરવાની આથી મંજુરી આપવામાં આવે છે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ ઉપર માન. રા.ક.મંત્રીશ્રી, મહીલા અને બાળ કલ્યાણ (સ્વતંત્ર હવાલો) ની તા.૨૯-૦૬-૨૦૨૨ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાત રાજયના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ.જી.રાજ)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. માન. રા.ક.મંત્રીશ્રી, મહિલા અને બાળ કલ્યાણના અંગત મદદનીશ, સચિવાલય, ગાંધીનગર
2. અધિક મુખ્ય સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવલય, ગાંધીનગર
3. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નિયામકશ્રી(આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસ, ૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
5. કલેક્ટરશ્રી, તમામ જિલ્લા
6. જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ જિલ્લા
7. મ્યુનિસીપલ કમિશ્નરશ્રી, તમામ મ્યુ.કો.
8. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ/રાજકોટ/વડોદરા/સુરત
9. પ્રોગ્રામ અધિકારીશ્રી, તમામ જિલ્લા
10. પ્રોગ્રામ અધિકારીશ્રી, તમામ મ્યુ.કો.
11. સિલેક્ટ ફાઇલ